# જ્યારે તમારી માર્કેટ વેલ્યૂ ન હોય ત્યારે તમને કોઈ સપોર્ટ કરતું નથી

# બોબી દેઓલ



**મારા જીવનમાં ટર્નિંગ પોઈન્ટ ત્યારે આવ્યો જ્યારે અમારા બાળકોએ સવાલ કરવાનું શરૂ કર્યું કે શા માટે મમ્મી જ ઓફીસ જાય છે અને અમારા પિતા કેમ ઘરમાં જ બેસી રહે છે?**

**૧૯૯૦ના દાયકામાં અને ૨૦૦૦ ની શરૂઆતમાં એક્ટર બોબી દેઓલે અદ્ભુત સફળતા જોઈ પરંતુ, ત્યાર પછી એક લાંબા સમય સુધી તેના જીવનમાં ઘણો મુશ્કેલ તબક્કો આવ્યો. તેને ફિલ્મો મળતી બંધ થતી ગઈ અને તેની લોકપ્રિયતા ઓછી થઇ ગઈ અને તેને આલ્કોહોલનું વ્યસન લાગી ગયું. લગભગ થોડા જ વર્ષો પહેલાં તેની આશ્રમ, એનિમલ અને ક્લાસ ઓફ ૮૩ જેવી ફિલ્મો આવી જેમાં તેના અભિનયની ઘણી પ્રશંસા પણ થઈ. અહીં, બોબી દેઓલ તેના કપરા સમય વિષે અને તેની પત્ની વિષે આપણી સાથે ખુલીને વાત કરે છે.**

**તારા મુશ્કેલ તબક્કા વિષે કઈ વાત કર.**

મારો કપરો સમય ત્યારે શરૂ થયો જ્યારે ધીમે ધીમે ફિલ્મો મળતી બંધ થઇ ગઈ અને હું પોતાના દુઃખ માં ડૂબતો ગયો. એવું લાગતું હતું કે દુનિયા સંપૂર્ણપણે પડી ભાંગી છે. મારા ફાધરને પણ દારૂ પીવાનો શોખ હતો જેના કારણે હું પણ આલ્કોહોલની પરાધીનતા તરફ આગળ વધતો ગયો.

**એવું સાંભળવામાં આવ્યું છે કે તારા કપરા સમયમાં તારી પત્ની તાન્યા આખું ઘર સંભાળતી હતી.**

શો-શા

હા, મારા કપરા સમયમાં તાન્યા જ અમારા પરિવારનો એકમાત્ર આર્થિક આધારસ્તંભ હતી. જ્યારે હું કામ કરતો ન હતો ત્યારે તાન્યા જ સતત કામ કર્યા કરતી હતી. તે ઘરના બધા ખર્ચાઓનું સંચાલન કરતી હતી. મારા જીવનમાં ટર્નિંગ પોઈન્ટ ત્યારે આવ્યો જ્યારે અમારા બાળકોએ સવાલ કરવાનું શરૂ કર્યું કે શા માટે મમ્મી જ ઓફીસ જાય છે અને અમારા પિતા કેમ ઘરમાં જ બેસી રહે છે? તેમના આ સવાલ પીડાદાયક હતા અને ત્યારથી મેં મારી જીવનશૈલીમાં સુધારો કરવાનું અને સ્થિરતા લાવવાનો દ્રઢ નિર્ણય કર્યો.

**એવી વાત સંભાળવા મળી છે તમે બંને અલગ થવાના છો?**

આ વાત સાંભળીને મને હસવું આવે છે. આ મજાક હોય એવું લાગે છે. જ્યારે હું પોતાનાથી નિરાશ થઇ ગયો હતો ત્યારે પણ મારી પત્ની એ મારો સાથ છોડ્યો નથી. સ્ત્રીઓ માનસિક અને લાગણીની દ્રષ્ટીએ ઘણી મજબૂત હોય છે. મારા કપરા સમયમાં તેણે મારો સાથ નહોતો છોડ્યો. હું જ્યારે દારૂના વ્યસનમાં ડૂબેલો હતો ત્યારે તે મને છોડવાની ધમકી આપી શકી હોત પરંતુ, તેણે એવું ક્યારેય કર્યું નથી. મને ઓનલાઈન મોંઘી વસ્તુઓ ખરીદવાનો શોખ છે અને જ્યારે હું વારંવાર તેને એ વસ્તુઓના બીલ પકડાવતો ત્યારે તે મને ગુસ્સો પણ કરતી. આમ, મારા બિન જરૂરી ખર્ચા કરવાની આદતને કારણે તાન્યા મારા પર ગુસ્સે થાય છે પરંતુ અલગ થવાની વાત સાવ ખોટી છે.

**શું આ વાત સાચી છે કે 'જબ વી મેટ'માં લીડ રોલ પહેલા તું કરવાનો હતો?**

ડીરેક્ટર ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'સોચા ન થા'નો રફ કટ મેં જોયો હતો અને તેમના કામથી હું પ્રભાવિત થયો હતો, એટલે હું તેમની સાથે કામ કરવા માંગતો હતો. શરૂઆતમાં 'જબ વી મેટ' એક અલગ ટાઈટલ સાથે અમે બંને એ બનાવવાનું નક્કી કર્યું હતું. પરતું, અમારા પ્રોજેક્ટને સપોર્ટ મળતો ન હતો અને તે પાછળ ઠેલાયા કરતો હતો. જ્યારે તમારી માર્કેટ વેલ્યુ સારી ન હોય ત્યારે તમને કોઈ સપોર્ટ કરતું નથી. મેં જે પ્રોડક્શન હાઉઝને ફિલ્મ બનાવવાનો પ્રસ્તાવ મુક્યો હતો તેમનું કહેવું હતું કે ઈમ્તિયાઝ ઘણો મોંઘો ડીરેક્ટર છે. આખરે તે જ પ્રોડક્શન હાઉઝે તે જ ડીરેક્ટર અને તે જ હિરોઈન સાથે ફિલ્મ બનાવી. હું કારકિર્દીના એવા તબક્કામાં હતો જ્યારે મને ફિલ્મની ઘણી જરૂર હતી અને આનાથી મારું દિલ તૂટી ગયું હતું. આવા અનુભવો થાય છે, એવું ક્યારેય બનતું નથી કે કોઈને ફક્ત સારા અનુભવો જ થાય. આ કડવા અનુભવનો ઉપયોગ મેં મારી જાતને સુધારવા માટે કર્યો. મેં નક્કી કર્યું કે હું જે દુઃખ અને ગુસ્સો અનુભવી રહ્યો છું તે મારી તાકત બનવા જોઈએ. કારણ કે તમે દુઃખને લઇ ને રડતા રહી શકતા નથી. આ અનુભવે મને સારો અભિનેતા અને સારી વ્યક્તિ બનવામાં મદદ કરી. હવે એ વાત પૂરી થઇ ગઈ છે. મારા મનમાં કોઈના માટે કડવાશ નથી. અમે હવે સારા મિત્રો છીએ.

**તે ફિલ્મ 'બંદર' કરવાનું શા માટે સ્વીકાર્યું?**

ફિલ્મ 'બંદર' સાથે મારું પર્સનલ કનેક્શન છે. હું મારી બહેનો સાથે મોટો થયો છું અને મેં જોયુ છે કે સમાજમાં સ્ત્રીઓએ પુરુષો કરતા વધારે પડકારો અને ટીકાઓનો સામનો કરવો પડે છે. મારી બહેનો માટે મને હંમેશા ચિંતા થતી હતી...તેમના લગ્ન થશે...ત્યારે કયા ઘરમાં જશે...ત્યાં તેમની સાથે કેવું વર્તન થશે .. તેમના સસરા પક્ષમાં કેવા લોકો હશે... આવો ડર લાગતો હતો. આપણે પુરુષપ્રધાન સમાજ માં રહીએ છીએ અને તેમાં પુરુષ હંમેશા વર્ચસ્વ ધરવતો હોય છે. મને ઘણી બહેનો છે અને તેના કારણે મને આવો ડર હંમેશા રહ્યો હતો અને આ લાગણીને કારણે જ મેં આ ફિલ્મ પસંદ કરી. •

# તેજસ્વી પ્રકાશ

# 'નાગિન' શોનો અનુભવ કેવો રહ્યો?....



**સવારે ઉઠીને પહેલું કામ?**
ફોન ચેક કરું છું.

**કરણ માટે એક શબ્દ?**
મારો પિલર. (સ્તંભ)

**કરણની કઈ આદત સૌથી વધુ ગમે છે?**
મારું ખૂબ ધ્યાન રાખે.

**કરણ સાથેની પહેલી મુલાકાત ક્યાં થઈ હતી?**
બિગ બોસના ઘરમાં.

**પ્રેમ કે કરિયર?**
બંને, એક સિક્કાની બે બાજુ છે.

**'બિગ બોસ ૧૫' ની ટ્રોફી તારા માટે શું છે?**
મારી મહેનત.

**એક્ટિંગ કે રિયાલિટી શો?**
એક્ટિંગ.

**બોલિવૂડમાં કોની સાથે ડેબ્યૂ કરવું છે?**
રણવીર સિંહ.

**'નાગિન' શોનો અનુભવ કેવો રહ્યો?**
સુપરહીરો જેવો.

**એક્ટર ના હોત તો શું હોત?**
એન્જિનિયર હોત.

**વધુ શું ગમેઃ પ્રશંસા કે સાચી સલાહ?**
સાચી સલાહ!

**ડાયેટિંગ કે સ્ટ્રીક્ટ વર્કઆઉટ?**
વર્કઆઉટ!

**ટ્રેડિશનલ લુક કે વેસ્ટર્ન લુક?**
ટ્રેડિશનલ લુક.

**કરિયરનો ટર્નિંગ પોઇન્ટ?**
સ્વરાગિની (Swaragini). •

RAPID FIRE

# 'સર્કિટ' લાવશે 'જીવન વીમા યોજના'

જ્યારે પણ બોલિવૂડમાં એવા કલાકારોની ચર્ચા થાય છે જેઓ માત્ર પોતાની અદભુત કોમિક ટાઈમિંગ, નખરાળા અંદાજ અને વન-લાઈનર્સથી આખી ફિલ્મ પોતાના ખભા પર ખેંચવાની તાકાત ધરાવે છે, ત્યારે એક ચહેરો આંખ સામે અચૂક તરી આવે છે - અર્શદ વારસી! હા, એ જ આપણો વ્હાલો અને 'મુન્નાભાઈ એમ.બી.બી.એસ.'નો કાયમી યાર 'સર્કિટ'. અર્શદ વારસીએ બોલિવૂડમાં ગોડફાધર વગર, માત્ર પોતાના અદભુત ટેલેન્ટ અને પોઝિટિવિટીના દમ પર સિનેમાપ્રેમીઓના દિલમાં એક એવું કાયમી સ્થાન બનાવ્યું છે જે આજ સુધી અકબંધ છે.

કોમેડી કમાલ

અર્શદના ચાહકો માટે તાજેતરમાં જ એક ઉત્સાહવર્ધક સમાચાર આવ્યા છે કે તે ટૂંક સમયમાં જ 'જીવન વીમા યોજના' નામની એક રસપ્રદ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવતો જોવા મળશે. ફિલ્મનું નામ સાંભળતા જ અંદાજ આવી જાય કે આ વાર્તા ભારતીય મિડલ ક્લાસ (મધ્યમ વર્ગ) પરિવારની રોજિંદી મથામણો અને મજેદાર વિટંબણાઓ પર આધારિત હશે.ો આ એક પ્યોર સોશિયલ કોમેડી-ડ્રામા ફિલ્મ છે. વાર્તામાં અર્શદ એક એવા સામાન્ય માણસના રોલમાં સ્ક્રીન શેર કરશે જે લાઈફ ઈન્સ્યોરન્સ એટલે કે જીવન વીમાની આસપાસ વણાયેલી કોઈ વિચિત્ર, અટપટી અને હાસ્યાસ્પદ મુશ્કેલીમાં ફસાઈ જાય છે. મધ્યમ વર્ગીય જીવનના લોચા અને વીમા કંપનીઓની ઓફિસોના ચક્કરમાં પીસાતા સામાન્ય માનવીની આ કથા દર્શકોને પેટ પકડીને હસાવશે. ફિલ્મમાં અર્શદની સિગ્નેચર સ્ટાઈલ એટલે કે 'સિચ્યુએશનલ કોમેડી'નો ભરપૂર ઓવરડોઝ જોવા મળશે, જે હાસ્યની સાથે સમાજને એક સચોટ અને સારો મેસેજ પણ આપશે. જો કોઈને એવું લાગતું હોય કે અર્શદ વારસી માત્ર લોકોને હસાવી જ જાણે છે, તો તે તેની અભિનય ક્ષમતાનું ઘણું નાનું આકલન છે. અર્શદ સમયસમય પર સાબિત કર્યું છે કે તે ગંભીર અને સસ્પેન્સથી ભરપૂર પાત્રો ભજવવામાં પણ એટલો જ માહિર છે. જોલી એલ.એલ.બી. (જગદીશ ત્યાગી): આ ફિલ્મમાં એક ગરીબ, સંઘર્ષ કરતા પણ અન્યાય સામે હિંમતભેર લડતા વકીલનો રોલ કરીને તેણે ચાહકો અને વિવેચકોને ચોંકાવી દીધા હતા. કોર્ટરૂમ ડ્રામામાં તેની ગંભીર એક્ટિંગ કાબિલેતારીફ હતી. OTT ની સુપરહિટ સિરીઝ 'અસુર': ઓટીટી પ્લેટફોર્મ પર અર્શદે કિંગ બનીને એન્ટ્રી કરી. 'અસુર'માં સીબીઆઈ ઓફિસર ધનંજય રાજપૂત (ડીજે) તરીકેનો તેનો રોલ જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. પર્સનલ લાઈફના દર્દ અને પ્રોફેશનલ લાઈફની ગુથ્થીઓ વચ્ચે ઝૂલતા એક સિરિયસ ઓફિસર તરીકે તેણે સાબિત કરી દીધું કે સસ્પેન્સ, માઈથોલોજી અને ક્રાઈમ થ્રિલરમાં પણ તેનો જ સિક્કો ચાલે છે. આજકાલ બોલિવૂડમાં ભલે નેપોટિઝમ અને ગોડફાધર્સની ચર્ચાઓ જોરશોરથી ચાલતી હોય, પણ અર્શદ એક એવો સ્વનિર્મિત હીરો છે જેણે નકારાત્મકતાથી દૂર રહીને પોતાની કળાના દમ પર ઈન્ડસ્ટ્રીમાં સન્માનજનક સ્થાન મેળવ્યું છે. અત્યારે તે પોતાના કરિયરના સૌથી બેસ્ટ અને મેચ્યોર ફેઝમાંથી પસાર થઈ રહ્યો છે, અને ચાહકો તેની આગામી સોશિયલ કોમેડી 'જીવન વીમા યોજના'માં તેને ફરી એકવાર તેના અસલી અંદાજમાં જોવા માટે આતુર છે. •



**આ એક પ્યોર સોશિયલ કોમેડી-ડ્રામા ફિલ્મ છે. વાર્તામાં અર્શદ એક એવા સામાન્ય માણસના રોલમાં સ્ક્રીન શેર કરશે જે લાઈફ ઈન્સ્યોરન્સ એટલે કે જીવન વીમાની આસપાસ વણાયેલી કોઈ વિચિત્ર, અટપટી અને હાસ્યાસ્પદ મુશ્કેલીમાં ફસાઈ જાય છે......**